# અંદાજપત્રની એક ઝલક...

## ૨૦૧૪ના નાણાંકીય ધારા હેઠળના મહત્વના સુધારા

● વ્યકિત, હિંદુ અવિભકત કુટુંબ (એચયુએફ)ની પ્રવર્તમાન રૂ. ૨ લાખની મુકિત મર્યાદા વધારીને ૨,૫૦,૦૦૦ સુધીની કરવામાં આવી છે.
● રહીશ સીનીયર સીટીઝનની પ્રવર્તમાન મુકિતમર્યાદા રૂ. ૨,૫૦,૦૦૦થી વધારીને ૩,૦૦,૦૦૦ કરી છે.
● આવકવેરાના કાયદાની કલમ-૨૪ની જોગવાઈ હેઠળ મકાન-મિલકતમાંથી આવકની ગણતરીના હેતુસર, જો કરદાતાએ મકાન ખરીદવા કે બાંધવા માટે હાઉસીંગ લોન લીધી હોય તો તેને આવી લોન ઉપર ૧,૫૦,૦૦૦ની મર્યાદામાં ચૂકવવા પાત્ર વ્યાજ સંબંધી કપાતનો લાભ આપવામાં આવતો હતો તે વધારીને ૨,૦૦,૦૦૦ કરવામાં આવી છે.
● કલમ-૮૦સીની જોગવાઈ અનુસાર કરદાતાએ હીસાબી વર્ષ દરમિયાન કરેલા રોકાણો જેવા કે એલઆઈપી, યુલીપ, પીએફ, પીપીએફ, એનએસસી જેવા રોકાણો ૧ લાખ સુધી આવકમાંથી કપાતને પાત્ર હતા જે વધારીને ૧,૫૦,૦૦૦ કરવામાં આવ્યા છે.
● જેથી હવે પીપીએફમાં રોકાણ વધારીને ૧ લાખથી ૧,૫૦,૦૦૦ સુધી કરી શકાશે.

કુલ કરપાત્ર આવક ઉપર આવકવેરાનીગણતરી માટેના દર

**કરપાત્ર આવક**

વ્યકિત/એચયુએફ/એઓપી/બીઓઆઈ
-પ્રથમ ૨,૫૦,૦૦૦ સુધી-શૂન્ય
-રૂ. ૨,૫૦,૦૦૦ થી ૫,૦૦,૦૦૦ - ૧૦ ટકા
-રૂ. ૫ લાખથી ૧૦ લાખ - ૨૦ ટકા
-રૂ. ૧૦ લાખથી વધુ - ૩૦ ટકા

સામાન્ય માણસ, સામાન્ય કરદાતાને ટેક્ષમાં રાહત થશે.

● કોલસો મોંઘો થશે.
● વિદેશથી સામાન લાવવો સસ્તો પડશે.
● સ્ટેચ્યુ ઓફ યુનિટી, સરદારની પ્રતિમા માટે ૨૦૦ કરોડ ફાળવશે.
● ૧૨ નવી મેડીકલ કોલેજોની જાહેરાત
● ખાદ્ય, તેલ, સાબુ, કોસ્ટેમેટીકસ સસ્તા થશે.
● કોમ્પ્યુટર સ્પેર પાર્ટસ સસ્તા થશે.
● હીરા, કીંમતી પથ્થર સસ્તા થશે.
● દવાઓ, સોલર લેમ્પ સસ્તા થશે.
● વાયુ અને સૌર ઊર્જાના ઉપકરણો સસ્તા.
● મોબાઈલ, લેપટોપ સસ્તા થશે.
● ૧૯ ઈંચથી નાના એલઈડી, એલસીડી સસ્તા થશે.
● ડબ્બામાં બંધ ખાદ્ય ખોરાક સસ્તો થશે.
● ૧૦૦૦ સુધીના જૂતા, કિંમતી પથ્થરો સસ્તા થશે.
● બાયોગેસ ઉપકરણો સસ્તા થશે.
● વિદેશી સ્ટીલ મોંઘુ થશે.
● એ.સી. બસ મુસાફરી મોંઘી થશે.
● સિગારેટ, પાન-મસાલા, કોલ્ડ્રીંકસ મોંઘા થશે.
● સેઝ ફરીથી શરુ કરવામાં આવશે.
● ૧૬ નવી પોર્ટ યોજનાઓ આકાર લેશે.
● લઘુ મધ્યમ ઉદ્યોગો માટે લોન સરળ બનાવાશે.
● એસસી, એસટી કલ્યાણ માટેની યોજના.
● ગામડાઓમાં વિજળી પેટે ‘જયોતિ ગ્રામ યોજના’.
● તીર્થયાત્રા, પર્યટન વધારવા માટે ૧૦૦ કરોડ ફાળવાશે.
● હેરીટેજ ઈમારતોના રક્ષણ માટેની યોજના.
● નવા મરીન પોલીસ સ્ટેશન બનાવાશે.
● થર્મલ પાવર પ્રોજેકટ માટે ૧૦૦ કરોડ ફાળવાશે.
● જમ્મુ કાશ્મીરમાં સ્ટેડીયમ માટે ૨૦૦ કરોડ.
● ગંગાના ઘાટની સફાઈ માટે ૧૦ કરોડ.
● શુધ્ધ પાણી માટે ૩૬૦૦ કરોડ.
● દિલ્હીમાં પાણી માટે ૫૦૦ કરોડની યોજના.
● સ્ટોરેજ માટે ૫૦૦૦ કરોડ.
● ૯ એરપોર્ટ પર વીઝા ઓનલાઈન.
● વીમા ક્ષેત્રમાં પણ એફડીઆઈને મંજુરી.
● બેટી બચાવો યોજનાને પ્રાધાન્ય.
● અમદાવાદ મેટ્રો માટે ૧૦૦ કરોડની ફાળવણી.
● વડાપ્રધાનની ગ્રામીણ સડક યોજના.
● મહીલા બેંક માટે ૧૦૦ કરોડ.
● ખેડૂતોને અપાતી વ્યાજ સબસીડી યથાવત.
● ૧૫ ઓગષ્ટથી દરેક પરિવારને બેંક ખાતાથી જોડવા પ્રયત્ન.
● સિંચાઈ માટે ૧૦૦૦ કરોડની જોગવાઈ.
● સુરત, કચ્છમાં ટેક્ષટાઈલ કલ્પસર બનશે.

**- હરીશ ત્રિવેદી**
**ટેક્ષ ઓડવોકેટ**



જયા પાર્વતી વ્રત - પાંચ વર્ષના ગૌરીવ્રત બાદ કિશોરીઓ જયાપાર્વતી વ્રત કરે છે... જેમાં મોળુ ખાઈને ભગવાન શિવની પૂજા કરાય છે... આ વ્રતમાંની ભૂમિકામાં ઉજ્જવળ ભવિષ્ય માટે પરમતત્વને પ્રાર્થના કરાય છે... સારું ઘર અને સારો વર મળે એવી પાર્વતી માતા સમક્ષ પૂજા-પ્રાર્થના કરવાની વિધિ શ્રદ્ધાપૂર્વક કરાય છે... ભારતીય સંસ્કૃતિમાં કિશોર અવસ્થાથી જ પારિવારીક સંસ્કાર નિર્માણ કરવાની ભાવના આવા વ્રત સાથે જોડાયેલી છે... **(તસવીર : દિપક જાની)**

# શહેરમાં ૩૦ કરોડના ખર્ચે આવાસોનું મજબૂતીકરણ

## બજેટમાં નાના તેમજ મોટી કક્ષાના આવાસો માટે ખર્ચની વિશેષ જોગવાઈ

ગાંધીનગર, તા.૧૦

શહેરમાં વિવિધ કક્ષાના સરકારી આવાસોના મજબૂતીકરણ માટે બજેટમાં રૂ. ૩૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જેમાં નાના મકાનોને અનુલક્ષી ૧૭ કરોડ તેમજ મોટા મકાનો માટે રૂ. ૧૩ કરોડના ખર્ચને મંજુરી આપવામાં આવી છે.

શહેરમાં સ્થિત ૧૬ હજાર જેટલા સરકારી આવાસો જાળવણીના અભાવે ખંડેર બન્યા છે જયારે આ પૈકી ઘણા ખરા આવાસો જોખમી હાલતમાં છે. સરકારી આવાસોની સ્થિતિમાં સુધારા લાવવા માર્ગ મકાન વિભાગ દ્વારા તબક્કાવાર આવાસોનું મજબૂતીકરણ હાથ ધરવામાં આવી રહ્યું છે. જો કે વર્ષોના અંતે પણ આવાસ મજબૂતીકરણ અન્વયે માંડ ૪૦ ટકા જ કામગીરી થઈ હોવાનું સ્પષ્ટ થયુ છે. જેના પરિણામે હાલ મજબૂતીકરણના અભાવે જોખમી આવાસોની સંખ્યા વિશેષ છે. બીજી તરફ નિકાલ હેઠળના મકાનો પણ ભયજનક હાલતમાં હોવા છતાં યથાવત સ્થિતિમાં છે. શહેરના સેકટરમાં સ્થિત સરકારી આવાસોમાં પાણી લીકેજીસ ઉપરાંત છજામાંથી પોપડા ખરતા હોવાના પણ અનેક કિસ્સાઓ પ્રકાશમાં આવે છે ત્યારે આવાસોને કંગાળ સ્થિતિમાંથી ઉગારવા વર્ષ ૨૦૧૪-૧૫ના બજેટમાં વિશેષ જોગવાઈ કરવામાં આવી છે. બજેટમાં શહેરના નાના અને મોટા આવાસોના રીનોવેશન માટે રૂ. ૩૦ કરોડના ખર્ચને મંજુરી આપવામાં આવી છે. આ પૈકી ૧૭ કરોડ નાના આવાસો માટે તેમજ રૂ. ૧૩ કરોડ મોટા મકાનોના મજબૂતીકરણ માટે ખર્ચ કરવાની જોગવાઈ કરવામાં આવી છે.

# નવા મ્યુનિ. કમિશનરે રાઉન્ડ લેતા કચરાના ઢગ જોવા મળ્યા!



(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા.૧૦

શહેરમાં સફાઈ વ્યવસ્થાના અભાવ વચ્ચે કચરાના ઢગ અને ગંદકી જોવા મળતા મ્યુનિસિપલ કમિશનરે તંત્રના કર્મચારીઓનો ઉધડો લીધો હતો. શહેરમાં રાઉન્ડ લેતા ચ-૫ પાસે પણ ગંદકી ખદબદતી હોવાનું તેમના ધ્યાને આવ્યું હતું. સફાઈના મામલે કમિશનરે સેનેટરી ઈન્સ્પેકટરોને ખખડાવી જરુરી સૂચના પણ આપી હતી. શહેરમાં આગામી દિવસોમાં ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની વ્યવસ્થા પણ ગોઠવવામાં આવશે.

### સફાઈના મામલે સેનેટરી ઈન્સ્પેકટરોનો ઉધડો લીધો

ગાંધીનગરમાં સફાઈ વ્યવસ્થાના નામે મીંડુ ચિતરાયેલું જોવા મળે છે. કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ પણ શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક વિસ્તારોમાં કચરાના ઢગ ખડકાયેલા જોવા મળીરહ્યા છે. બીજી તરફ ગંદકીથી ખદબદતા સેકટરોના લીધે આમ નાગરિકોમાં પણ આક્રોશ પ્રવર્ત્યો છે. દાયકાઓના અંતે પણ શહેરમાં અસરકારક સફાઈ વ્યવસ્થા ગોઠવવાની વાત પોકળ પુરવાર થઈ છે. આવા સંજોગોમાં નવા મ્યુનિસિપલ કમિશનર ચૌધરીએ સફાઈની સ્થિતિ ચકાસવા શહેરમાં રાઉન્ડ લીધો હતો. આ દરમિયાન ચ-૫ વિસ્તાર ઉપરાંત અનેક ઠેકાણે ગંદકીના દશ્યો આંખ સામે ખડા થતા સફાઈના મામલે

● અનુસંધાન પાન-૭ પર

## ખૂણે... ...ખાંચરેથી

● છેલ્લા ત્રણેક દિવસથી ચ રોડ પરથી સે-૨૧માં પ્રવેશવાના માર્ગ પર વરસાદથી રોડ ધોવાતો અટકાવવા લગાવાયેલા કેમિકલ પર ડસ્ટ પાવડર છાંટયો ન હોવાથી અનેક વાહન ચાલકો ‘સ્લીપ’ ખાઈ રહ્યાં છે.
● અમદાવાદમાં ટાઉનહોલ ખાતે ગઈ કાલે યોજાયેલા ‘ગમતા ગીતોનો ગુલદસ્તો’ શિર્ષક હેઠળ ઉર્મિશ મહેતા અને વૈશાલી મહેતાના ફિલ્મી ગીતોનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કાર્યક્રમનું સંચાલન ગાંધીનગરના જાણીતા વકતા મનોજ શુકલએ કર્યું હતું.
● સિવિલ હોસ્પિટલમાં વહીવટી સ્થિતિ કથળવા પામી છે, એકસ-રેથી માંડીને સોનોગ્રાફીમાં દર્દીઓની ભારે ભીડ લાગે છે અને ત્રણ ત્રણ કલાકે પણ નંબર લાગતો નથી છતાં સત્તાવાળાઓ તરફથી કોઈ વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવતી ના હોવાથી દર્દીઓમાં નારાજગી ફેલાઈ છે.
● શનિવારે ગુરૂપૂર્ણિમાનું પાવન પર્વ હોઈ નગરજનોમાં ખૂબ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આર.એસ.એસ. દ્વારા ગાયત્રી મંદિર ખાતે ગુરૂપૂર્ણિમા ઉત્સવ યોજાશે. જ્યારે સિંધુધામ ખાતે વહેલી સવારે ચતુર્થ ગુરૂપૂર્ણિમા મહોત્સવનું આયોજન કરાયું છે. ઠેર ઠેર ગુરુપૂર્ણિમાની ઉજવણીના વ્યાપક આયોજનો કરાયા છે.
● શહેરમાં કોંગ્રેસ દ્વારા વોર્ડ સમિતિઓનું નવેસરથી ગઠન કરવા કવાયત હાથ ધરાઈ છે. નવા ચહેરાઓને સ્થાન આપવા યુવા કાર્યકરોને તૈયાર કરાઈ રહ્યા છે.
● બુધવારે રાત્રે ટાઉનહોલમાં નાટકના શૉ દરમિયાન એ.સી. પ્લાન્ટનો ફયુઝ જતો રહેતા ઈન્ટરવલ બાદ પ્રેક્ષકો ત્રાહિમામ પોકારી ગયા હતા.

# ગાંધીનગરથી સોમનાથ વોલ્વો બસ

## રાત્રિના ૯ કલાકે ગાંધીનગરથી ઉપડશે : રાજકોટ, જૂનાગઢ, વેરાવળ તરફ જતા મુસાફરોને સુવિધા મળશે

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર-સોમનાથ રૂટ માટે હવે ખાસ વોલ્વો બસ સેવા ઉપલબ્ધ થશે. ગાંધીનગર એસ.ટી.ડેપોથી રાત્રિના ૯ કલાકે સોમનાથ જવા માટે વોલ્વો બસ સુવિધા મળી રહેશે આજે એસ.ટી. નિગમના ચેરમેને વોલ્વો બસને લીલીઝંડી આપી ખાસ બસ સેવાનો પ્રારંભ કરાવ્યો હતો. આગામી શ્રાવણ મહીનામાં પણ સોમનાથ જનારા ભાવિકો માટે આ વોલ્વો બસ સેવા ઉપયોગી બની રહેશે.

પાટનગરના એસ.ટી. ડેપોમાં મુસાફરોને લગતી સુવિધાઓને તબક્કાવાર અપગ્રેડ કરવાનું કામ હાથ ધરાયું છે. થોડા સમય અગાઉ ડેપોમાં નવી બસો ફાળવવામાં આવી હતી જયારે ડેપોની સીએનજી બસો તબક્કાવાર દૂર કરી મુસાફરોની સલામત સવારી માટે નવી ડીઝલ બસો દોડતી કરી દેવાઈ છે. આ ઉપરાંત ગાંધીનગર-અમદાવાદ વચ્ચે અપડાઉન કરવા મુસાફરો સિવાય અન્ય બહારગામના રૂટ માટે પણ જરુરી બસસેવા શરુ કરવા અભ્યાસ કરવામાં આવ્યો હતો જેના અંતે અગાઉ પણ સૌરાષ્ટ્ર વિસ્તાર માટે બસો ફાળવવામાં આવી હતી. જયારે હવે ગાંધીનગરથી સોમનાથ રૂટ પર મુસાફરોને વિશેષ સુવિધા પુરી પાડવા આજથી ખાસ વોલ્વો બસ શરુ કરવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા મુજબ ગાંધીનગર-સોમનાથ રૂટની આ વોલ્વો બસ રોજ રાત્રિના ૯ કલાકે ગાંધીનગરથી ઉપડશે જયારે બીજા દિવસે રાત્રિના ૯ કલાકે સોમનાથથી પરત આવશે આજે રાત્રે ૯ કલાકે એસ.ટી. નિગમના ચેરમેન બાબુભાઈ ઘોડાસરાએ લીલીઝંડી અપાવી ગાંધીનગર-સોમનાથ રૂટની વોલ્વો બસનો પ્રારંભ કરાવ્યો હતો. શ્રાવણ મહીનો પણ નજીકમાં હોવાથી પવિત્ર સોમનાથ ધામ જવા માટે ભાવિકોને વોલ્વો બસ સેવા ઉપયોગી નિવડશે.

## જાહેર નિવિદા

**અન્નપૂર્ણાધામ ટ્રસ્ટ - અડાલજ,**
**શ્રી સ્વામીનારાયણ ફાર્મ, અડાલજ ચાર રસ્તાથી કોબા રોડ,**
**અડાલજ, તા.જી. ગાંધીનગર - ૩૮૨૪૨૧**

આથી રસ ધરાવતા સિવિલ / ઈલેક્ટ્રીક કામના અનુભવી ઈજારદારો / એન્જિનિયરો / કોન્ટ્રાક્ટરોને નીચે જણાવેલ કામો માટે મજૂરી કામના અલગ અલગ આઈટમ સાથેના ભાવો, અગાઉ કરેલા કામની તથા અનુભવની વિગતોની યાદી સીલબંધ કવરમાં આ નિવિદા પ્રકાશિત થયાના ૭ દિવસમાં મોકલી આપવા જણાવવામાં આવે છે. આવેલ તમામ ભાવો પૈકીના ભાવો માન્ય રાખવા કે રદ કરવા તેનો અબાધિત અધિકાર સંસ્થાનો રહેશે.

(૧) મોજે પોર, તા.જી. ગાંધીનગરના બ્લોક નં. ૧૩૮-બ માં અન્નપૂર્ણા માતાજીનું મંદિરના બામધકા માટે સોમપુરાની નિમણુંક કરવાની હોવાથી મંદિરના નકશાઓ બનાવા માટે તથા મંદિરના ચણતર વખતે જરૂરી સુપરવીઝન કરવા માટેની કન્સલ્ટીંગ ફી.
(૨) ઉપરોક્ત મંદિરના આનુષાંગિક બાંધકામ જેવા કે ભોજનાલય, વિશ્રામગૃહ, સત્સંગ હોલ, છાત્રાલય વિ.ના બાંધકામ સારૂ આર્કિટેક્ટ અને સાઈટ એન્જિનિયરની નિમણુંક કરવાની હોવાથી તેની કન્સલ્ટીંગ ફી.
(૩) ઉપરોક્ત વિગતોના તમામ બામધકામ માટે જરૂરી તમામ સિવિલ તથા ઈલેક્ટ્રીક કામ માટેના આઈટમ પ્રમાણેના અલગ અલગ મજુરી કામના ભાવો.
(૪) બાંધકામ માટે જરૂરી તમામ માલ-સામાનના ભાવ આઈટમ પ્રમાણે મંદિરનું બાંધકામ બંસી પહાડ પત્થરમાં કરવાનું હોવાથી જરૂરી માલ-સામાનના ભાવ તે પ્રમાણે આપવા.

રસ ધરાવતી પાર્ટીઓએ પોતાના ભાવ સીલબંધ કવરમાં ઉપરના સરનામે પહોંચતા કરવા.

**નવીનીતભાઈ પટેલ**
**મંત્રીશ્રી**

## બેસણું



અમારા પિતાશ્રી **લઘુભા માવજીભા ચાવડા**નું અવસાન તા. ૩/૭/૨૦૧૪ને ગુરૂવારના રોજ થયેલ છે. સદ્દગતનું બેસણું **તા. ૧૧/૭/૨૦૧૪ને શુક્રવારના રોજ સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ કલાકે** નીચેના નિવાસસ્થાને રાખેલ છે.

**નિવાસસ્થાન : પ્લોટ નં. ૫૯૩/૨, સેક્ટર-૫/બી, ગાંધીનગર**

**બિપીનસિંહ ચાવડા (પુત્ર)** — **જીતેન્દ્રસિંહ ચાવડા (પૌત્ર)**
**દિલીપસિંહ ચાવડા (પુત્ર)** — **ભરતસિંહ પઢિયાર (ભાણેજ)**
**મહેન્દ્રસિંહ ચાવડા (પુત્ર)** — **રોનકસિંહ ચાવડા (પૌત્ર)**
**વનરાજસિંહ ચાવડા (પૌત્ર)**
**ગં.સ્વ. લીલાબા લઘુભા ચાવડા (પત્ની)**

# તલાટી ભરતી કૌભાંડમાં ભાજપના સક્રિય હોદ્દેદારની આખરે ધરપકડ

## કલ્યાણસિંહનું ઠેકાણું નંદલાલે બતાવ્યું હોવાનું ઉમેદવારોના નિવેદનમાં બહાર આવ્યું હતું : નંદલાલ એક દિવસના રિમાન્ડ પર



ગાંધીનગર, તા.૧૦

રાજયભરમાં ચકચાર જગાવનાર તલાટી ભરતી કૌભાંડમાં ગાંધીનગર એલ.સી.બી.એ ભાજપના સક્રિય હોદ્દેદારની ધરપકડ કરી લીધી છે. કલ્યાણસિંહ ચંપાવત તથા આ પ્રકરણમાં પકડાયેલા અન્ય મોટા ભાગના આરોપીઓ જામીન પર મુકત થયા છે ત્યારે ઉમેદવારોના નિવેદન બાદ ફસાયેલા ધ્રાંગધ્રાના નંદલાલ પટેલની આજે ધરપકડ કરી પોલીસે કોર્ટમાં રજુ કરતા કોર્ટે એક દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે.

રેવન્યુ તલાટી ભરતીમાં દસ દસ લાખમાં ઉમેદવાર પાસ કરાવી આપવાની બાંહેધરી આપી ઉમેદવારો પાસે લાખો રૂપિયા ખંખેરી લેનાર કલ્યાણસિંહ ચંપાવત તાજેતરમાં જ જામીન પર મુકત થયા છે. આ ભરતી કૌભાંડમાં જે જે કનેકશનો બહાર આવ્યા હતા તે ડીવાયએસઓથી માંડીને ફોલ્ડરોની પણ ગાંધીનગર એલસીબીની ટીમે ધરપકડ બાદ પુછપરછ કરી હતી. તપાસ દરમિયાન લેવાયેલા ઉમેદવારોના નિવેદનો પૈકી બાર જેટલા ઉમેદવારોએ નિવેદન આપ્યા હતા કે કલ્યાણસિંહ ચંપાવત સુધીનો રસ્તો અમને સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાગંધ્રા તાલુકા સ્થિત ભરાડા ગામે કોઠારી શહેરી વિસ્તારમાં રહેતા અને ભાજપના તાલુકા મહામંત્રીનો હોદ્દો ધરાવતા નરેન્દ્ર ઉર્ફે નંદલાલ શંકરભાઈ પટેલે દેખાડયો હતો. ચાર્જશીટમાં ભાજપના હોદ્દેદાર નંદલાલનું નામ ખુલતા હાઈકોર્ટમાં

● અનુસંધાન પાન-૭ પર

# શ્રીયંત્રની શક્તિ

જ્યોતિષદીદી કુંપલ દવે દ્વારા કરવામાં આવેલો નવતર પ્રયોગ અષાઢી નવરાત્રમાં નવ દિવસ ષોડશોપચાર અને મંત્રથી સિદ્ધ કરાયેલા શ્રીયંશ્રનું વિતરણ પ્રસાદી રૂપે વિનામૂલ્યે આપવામાં આવ્યા. શ્રીયંત્ર, ગોમતીચક્ર અને આઠમનાં યજ્ઞની પવિત્ર ભસ્મથી લોકજીવનમાં શાંતિ અને મનને આનંદ મળે એ માટે દીદી દ્વારા આ પ્રયોગ કરવામાં આવ્યો. થોડામાં ઘણું અને ઝંઝટભર્યા જીવનમાં આ સરળ ઉપાયથી શાંતિ અને સમૃદ્ધિ હેતુ આ નવતર પ્રયોગ કરવામાં આવ્યો.

જયોતિષદીદીના માનવા પ્રમાણે આજની દોડધામભરી જીંદગીમાં પ્રભુ સેવાનાં કામ થઈ શકતા નથી. મંદિરે જવાનો સમય નથી. મંત્રજાપ માટે બેસવાનો સમય નથી. દાન કરવાની ઈચ્છા તો છે પણ સાથે મોંઘવારી પણ છે. કમાવા માટે ૨૫ કલાક ઓછા પડે છે તો આવા સરળ અને સચોટ ઉપાયથી ભગવાનનાં આશીર્વાદ મળે છે અને કલ્યાણ થાય છે.
jyotishdidi@gmail.com

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable! CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

SANGHI CEMENT — KisaN — ashirvad C. PVC, UPVC — VINAYAK500 TMT BARS - ISI — BENELAVE BATH FITTINGS — DR.FIXIT — TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com